### વોર્ડ-19 માં 'કામ નથી તો વોટ નથી' ના નારા સાથે જનતાનો ઉગ્ર રોષ

# વડોદરામાં ચૂંટણી પ્રચાર વચ્ચે ભાજપના ઉમેદવારનો ઘેરાવો




(પ્રતિનિધિ), વડોદરા. તા.22 વડોદરામાં સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણી પૂર્વે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ખાસ કરીને સત્તાધારી પક્ષ ભાજપના ઉમેદવારોને અનેક વિસ્તારોમાં જનતાના રોષનો સામનો કરવો પડી રહ્યો છે. તાજેતરમાં વડોદરાના વોર્ડ નંબર 19 માં પ્રચાર માટે નીકળેલા ભાજપના ઉમેદવાર નિમિશા પંચાલ ને સ્થાનિક રહીશોએ આડે હાથ લીધા હતા અને પાયાની સુવિધાઓના અભાવે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. મકરપુરા વિસ્તારમાં આવેલી આમ્રપાલી રેસિડેન્સી અને તેની આસપાસના વિસ્તારોમાં જ્યારે ભાજપના ઉમેદવારો પ્રચાર માટે પહોંચ્યા, ત્યારે મહિલાઓએ તેમને ઘેરી લીધા હતા. ઉમેદવાર નિમિશા પંચાલ સામે રહીશોએ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો, જેમાં એક મહિલાએ આકરા શબ્દોમાં ટકોર કરતા કહ્યું કે, "તમે નવા પરણીને આવેલા વહુની જેમ 'અમે નવા છીએ' તેવું બહાનું ન કાઢી શકો; તમે પહેલા કાર્યકર્તા તો હતા જ, તો વોર્ડની સમસ્યાઓનો અભ્યાસ કેમ નથી કર્યો?" રહીશોએ રોષ સાથે જણાવ્યું હતું કે તેઓએ છેલ્લા 10 વર્ષમાં અનેક વખત કોર્પોરેશનમાં લેખિત રજૂઆતો કરી છે, "જીત્યા બાદ અમારી સમસ્યા સાંભળવા આવજો, અત્યારે માત્ર વાયદા ન કરો" તેવી સ્પષ્ટ વાત લોકોએ ઉમેદવારને કહી દીધી હતી. ચૂંટણીના આ માહોલમાં વડોદરાના વોર્ડ નંબર 19 ની જનતાનો આ મિજાજ દર્શાવે છે કે હવે મતદારો માત્ર પક્ષના નામે નહીં, પણ કામના આધારે જ વોટ આપવાના મુડમાં છે. સ્થાનિકોએ એવો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો કે પ્રોપર્ટી કાર્ડ મેળવવા માટે તેમની પાસે લાંચ માંગવામાં આવે છે અને તંત્ર દ્વારા કોઈ સહકાર મળતો નથી.

### વડોદરા પાલિકા કચેરી પાસે જ કામમાં પોલંપોલ

# પાણીની લાઈનમાં લીકેજ છતાં રોડ પર ડામર ફેરવી દેવાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.22 વડોદરામાં મહાનગરપાલિકાની નજીક ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પર વહીવટી તંત્રની બેદરકારી અને આયોજનના અભાવનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં પીવાના પાણીની સમસ્યાના નિરાકરણ માટે નાખવામાં આવેલી નવી પાઈપલાઈનનું ટેસ્ટિંગ કર્યા વિના જ, લીકેજ હોવા છતાં તેની ઉપર ડામર રોડ બનાવી દેવામાં આવતા પાલિકાની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. તંત્રની આ 'ઉતાવળી' કામગીરીને કારણે પ્રજાના ટેક્સના લાખો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો હોવાનું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.

મળતી માહિતી મુજબ, ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા વિસ્તારમાં તાજેતરમાં જ પીવાના પાણીની નવી પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. નિયમ મુજબ, કોઈપણ નવી લાઈન નાખ્યા બાદ તેનું હાઈડ્રોલિક ટેસ્ટિંગ કરવું અનિવાર્ય હોય છે જેથી લીકેજની જાણકારી મળી શકે. જોકે, પાલિકાના જવાબદાર ઈજનેરો અને કોન્ટ્રાક્ટરોએ આ પાયાની પ્રક્રિયાને નેવે મૂકીને સીધો જ ડામર રોડ બનાવવાનું કામ શરૂ કરી દીધું હતું. પરિણામે, જમીનની અંદર લાઈનમાં ઠેર-ઠેર લીકેજ હોવા છતાં તેની ઉપર ડામરનું પડ ચઢાવી દેવામાં આવ્યું છે.

હવે સ્થિતિ એવી સર્જાઈ છે કે પાણીના પ્રેસરને કારણે નવા બનેલા રોડ પરથી પાણી બહાર આવવા લાગ્યું છે. નવી નખાયેલી લાઈનમાં ગણતરીના દિવસોમાં જ લીકેજ સર્જાવું તે કામની નબળી ગુણવત્તા અને ભ્રષ્ટાચારની ચાડી ખાય છે. સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે કે, કોન્ટ્રાક્ટરો માત્ર પોતાના બીલ પાસ કરાવવાની ઉતાવળમાં ગુણવત્તા સાથે બાંધછોડ કરી રહ્યા છે.

### સયાજી હોસ્પિટલમાં તબીબી તપાસ દરમિયાન ચોંકાવનારો ઘટસ્ફોટ

# SSGમાં પેટના દુખાવાની ફરિયાદ સાથે પહોંચેલી કિશોરી ગર્ભવતી

**પરિવારજનો** આઘાતમાં પોલીસે તપાસ મકરપુરા પોલીસ મથકે સોંપી

(પ્રતિનિધિ), વડોદરા. તા.22 વડોદરા શહેરના લાલબાગ વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.

પેટમાં અસહ્ય દુખાવાની ફરિયાદ લઈને હોસ્પિટલ પહોંચેલી એક 16 વર્ષીય કિશોરી ગર્ભવતી હોવાનું નિદાન થતા પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. આ મામલો અત્યંત સંવેદનશીલ હોવાથી સમગ્ર વિસ્તારમાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે. મળતી માહિતી મુજબ, લાલબાગ વિસ્તારમાં રહેતા એક સામાન્ય પરિવારની 16 વર્ષની પુત્રીને ગતરાત્રિના સમયે અચાનક પેટમાં દુખાવો ઉપડ્યો હતો. પુત્રીની હાલત જોઈ ગભરાઈ ગયેલા પરિવારજનો તેને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ઈમરજન્સીમાં ફરજ પરના તબીબોએ કિશોરીની તપાસ શરૂ કરી હતી. હોસ્પિટલમાં કિશોરીના પેટના દુખાવાનું ચોક્કસ કારણ જાણવા માટે કરવામાં આવેલી પ્રાથમિક તબીબી તપાસ દરમિયાન તબીબો પણ ચોંકી ઉઠ્યા હતા. રિપોર્ટમાં કિશોરી ગર્ભવતી હોવાનું સ્પષ્ટ થયું હતું. એક સગીર અને અપરણિત પુત્રીના પેટમાં ગર્ભ હોવાની વાત જાણીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવાર માટે આ એક કલ્પના બહારની આઘાતજનક ઘટના હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ દ્વારા તાત્કાલિક ધોરણે નવાપુરા પોલીસ મથકને જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા જ પોલીસ તંત્ર દોડતું થયું હતું.

આ મામલો સગીર **કિશોરી** સાથે જોડાયેલો હોવાથી પોલીસ દ્વારા અત્યંત સતર્કતા સાથે તપાસ હાથ ધરવામાં આવી છે. સગીર કિશોરી સાથેની આ ઘટનાને પગલે હવે પોલીસ બાળકીના પરિવારજનો અને તેની આસપાસના લોકોના નિવેદનો લેવાની કવાયત હાથ ધરશે. કિશોરી કોના સંપર્કમાં હતી અને આટલા લાંબા સમય સુધી ગર્ભાવસ્થાની વાત કેમ છુપાઈ રહી અથવા પરિવારને કેમ જાણ ન થઈ, તે જેવા અનેક સવાલોના જવાબ શોધવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ઓવરહેડ વાયર તૂટવાની નિષ્ફળતા શૂન્ય

# 731 ટીકેએમ વાયર બદલાતા કામગીરીમાં ગુણાત્મક સુધારો

(પ્રતિનિધિ) વડોદરા,તા.22 પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેના માર્ગદર્શન હેઠળ ઈલેક્ટ્રિકલ વિભાગે નાણાકીય વર્ષ 2025-26માં કુલ 302 ટ્રેક કિલોમીટરમાં જૂના, ઘસાઈ ગયેલા અને નિષ્ફળતા-પ્રભાવિત ઓવરહેડ સાધનોના વાયરને વ્યાપક રીતે બદલવાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. આના પરિણામે શૂન્ય ઓવરહેડ વાયર તૂટવાની નિષ્ફળતા મળી છે. આ કાર્ય ખાસ કરીને વડોદરા-સુરત વિભાગમાં હાથ ધરવામાં આવ્યું હતું.

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર નલિન લોચન ગુપ્તાએ જણાવ્યું હતું કે 2021-23 દરમિયાન, વારંવાર કેટેનરી અને સંપર્ક વાયર તૂટવાથી અનેક ટેકનિકલ નિષ્ફળતાઓ થઈ હતી. જેના કારણે મેલ/એક્સપ્રેસ ટ્રેનોની સમયસરતા પર પ્રતિકૂળ અસર પડી હતી. આ પરિસ્થિતિને ઉકેલવા માટે, વિભાગે મોટા પાયે નબળા ઓએચઈ વાયર બદલવા માટે એક ખાસ ઝુંબેશ શરૂ કરી હતી. આ ઝુંબેશના ભાગ રૂપે, 31 માર્ચ, 2026 સુધીમાં કુલ 731 ટ્રેક કિલોમીટર ઓએચઈ વાયર બદલવામાં આવ્યા હતા. આમાં 363.8 ટીકેએમ સંપર્ક વાયર અને 367.2 ટીકેએમ કેટેનરી વાયરનો સમાવેશ થાય છે. તેમણે સિદ્ધિઓ વિશે વિગતવાર જણાવતા કહ્યું કે મુખ્ય લાઈન પર વાયર તૂટવાના કારણે ટીઆરડી નિષ્ફળતાઓ 2022 માં 11 થી ઘટીને 2025 માં શૂન્ય થઈ ગઈ છે, અને વાયર તૂટવાના કારણે મેલ/એક્સપ્રેસ ટ્રેનોમાં સમયપાલનનું નુકસાન 2022 માં 223 મિનિટથી ઘટીને 2025 માં શૂન્ય થઈ ગયું છે.

સિદ્ધિઓએ ડિવિઝનની કાર્યકારી વિશ્વસનીયતામાં નોંધપાત્ર વધારો કર્યો છે અને ટ્રેન કામગીરીને વધુ સરળ અને સમયપાલનશીલ બનાવી છે.

### દાદર અને હઝરત નિઝામુદ્દીન વચ્ચે એસી સ્પેશિયલ ટ્રેન ચલાવશે

વડોદરા : મુસાફરોની સુવિધા માટે અને ઉનાળાના વેકેશન દરમિયાન પશ્ચિમ રેલ્વે દાદર અને હઝરત નિઝામુદ્દીન વચ્ચે ખાસ ભાડા પર એસી સ્પેશિયલ ટ્રેન ચલાવશે. ટ્રેન નંબર 04001/04002 દાદર-હઝરત નિઝામુદ્દીન એસી સુપરફાસ્ટ વીકલી સ્પેશિયલ 26 ટ્રિપ્સ, ટ્રેન નંબર 04001 દાદર-હઝરત નિઝામુદ્દીન સ્પેશિયલ દર ગુરુવારે દાદરથી 00:15 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 21:35 વાગ્યે હઝરત નિઝામુદ્દીન પહોંચશે. આ ટ્રેન 23 એપ્રિલથી 16 જુલાઈ સુધી ચાલશે. એ જ રીતે, ટ્રેન નંબર 04002 હઝરત નિઝામુદ્દીન - દાદર સ્પેશિયલ દર મંગળવારે 23:45 વાગ્યે હઝરત નિઝામુદ્દીનથી ઉપડશે અને બીજા દિવસે 22:40 વાગ્યે દાદર પહોંચશે. આ ટ્રેન 21 એપ્રિલથી 14 જુલાઈ સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, સુરત, વડોદરા, રતલામ, કોટા, ગંગાપુર શહેર, મથુરા અને કોસી કલાન સ્ટેશનો પર રોકાશે.

### સરસિયા તળાવની હાલત જોતા જ રહીશોનો મિજાજ ગયો

# વોર્ડ 6માં નેતાજી પ્રચાર કરવા આવ્યા મતદારોએ પકડાવ્યું 'કામનું રિપોર્ટ કાર્ડ'



(પ્રતિનિધિ) વડોદરા,તા.22 ચૂંટણીનો જંગ જામી રહ્યો છે ત્યારે મતદારો હવે માત્ર પક્ષના નામે નહીં પણ કામના આધારે સવાલો પૂછતા થયા છે. શહેરના વોર્ડ નંબર 6માં ભાજપના ઉમેદવાર જ્યારે પ્રચાર અર્થે નીકળ્યા ત્યારે તેમને કડવા અનુભવનો સામનો કરવો પડ્યો હતો. સરસિયા તળાવ પાસે પ્રચાર દરમિયાન સ્થાનિક રહીશોએ ઉમેદવારને અટકાવી વિકાસના કામો મુદ્દે ઉધડો લીધો હતો, જેના કારણે વાતાવરણ ગરમાયું હતું. મળતી માહિતી મુજબ, વોર્ડ નંબર 6ના ભાજપના ઉમેદવાર પોતાના સમર્થકો સાથે સરસિયા તળાવ વિસ્તારમાં ડોર-ટુ-ડોર પ્રચાર કરી રહ્યા હતા. આ દરમિયાન સ્થાનિક લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને તળાવની ખરાબ હાલત તેમજ વિસ્તારની પાયાની સુવિધાઓના અભાવ અંગે રજૂઆત કરી હતી. લોકોએ આક્ષેપ કર્યો હતો કે વર્ષોથી તળાવના બ્યુટિફિકેશન અને સફાઈના બણગા ફૂંકવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં તળાવ ગંદકીનું સામ્રાજ્ય બની ગયું છે. સ્થાનિકોએ જ્યારે પૂછ્યું કે, "ચૂંટણી વખતે જ કેમ દેખાઓ છો? અત્યાર સુધી વિકાસ ક્યાં ગયો?" ત્યારે ઉમેદવાર પાસે આ પ્રશ્નોના કોઈ નક્કર જવાબ નહોતા. લોકોના આક્રોશ સામે ઉમેદવાર મૌન ધારણ કરી ગયા હતા. પરિસ્થિતિ વધુ વણસતી જોઈ અને સવાલોના સંતોષકારક જવાબ ન આપી શકતા ઉમેદવાર પોતાના કાફલા સાથે ઉતાવળે સ્થળ પરથી રવાના થઈ ગયા હતા. ચૂંટણીના આરે જ મતદારોનો આવો મિજાજ ભાજપ માટે ચિંતાનો વિષય બન્યો છે. "વિકાસ ક્યાં છે?" તેવા પ્રશ્નો સાથે સોશિયલ મીડિયા પર પણ આ ઘટનાની ચર્ચાએ જોર પકડ્યું છે. એક તરફ પક્ષ ઘર-ઘર સુધી પહોંચવાનો દાવો કરી રહ્યો છે, તો બીજી તરફ જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે જો હવે માત્ર વચનો જ આપવામાં આવશે તો આગામી દિવસોમાં અન્ય વિસ્તારોમાં પણ નેતાઓને આવા જ વિરોધનો સામનો કરવો પડશે. વોર્ડ નંબર 6માં સર્જાયેલી આ સ્થિતિએ હવે સમગ્ર ચૂંટણી પ્રચારમાં ગરમાવો લાવી દીધો છે.

### ડંડાના ફટકા મારતાં મોઢા અને માથામાં ટાંકા આવ્યા

# નવાપુરામાં રૂપિયાની લેતીદેતી મુદ્દે યુવક પર હિંસક હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.22 વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં ઉધાર આપેલા રૂપિયા પરત માંગવાના મુદ્દે યુવક પર ચાર જણાએ માર માર્યા બાદ હુમલો કર્યો છે. આ બનાવમાં યુવકને માથા અને હોઠ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર દરમિયાન ચાર ટાંકા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. યુવકની ફરિયાદના આધારે પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા તજવીજ કરવી છે.

નવાપુરા વણકરવાસમાંવ રહેતા બ્રિજેશ સંજયભાઈ પરમાર MR. Puff બેકરીમાં સ્ટોર મેનેજર તરીકે નોકરી કરે છે. તેમણે તેમના કાકાના દીકરા ચિરાગને પાંચ હજાર રૂપિયા ઉધાર આપ્યા હતા. ગઈ તા.6 20 એપ્રિલના રોજ બ્રિજેશે રૂપિયા પરત માંગતા ગૌરાંગના ભાઈ નયન પરમારે ફોન પર ધમકી આપી કે પૈસા નહીં મળે અને રાત્રે આવીને માર મારીશ તેવી ધમકી આપી હતી. ત્યારબાદ રાત્રે આશરે 10 વાગ્યાના આસપાસ નયન પરમાર ઘરે આવી બોલાચાલી શરૂ કરી ઝઘડો કર્યો હતો. આ દરમિયાન ગૌરાંગ પરમાર તેમજ પાર્થ ચાવડા અને મહેંદ્ર ચાવડા પણ સ્થળ પર આવી જોડાયા હતા. ચારેય જણાએ મળીને બ્રિજેશ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરી અને તેને નીચે પાડી મારમાર્યો હતો. જેમાં પાર્થ ચાવડાએ લાકડાના ડંડાથી માથાના ભાગે હુમલો કર્યો હતો. હુમલામાં બ્રિજેશને માથા અને હોઠ પર ઈજા થતાં લોહી રેડ લાગ્યું હતું. ઘટનાની જાણ થતાં તેની બહેન દામિની અને તેમના પતિ દીપકભાઈ તાત્કાલિક તેને SSG હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં સારવાર દરમિયાન માથામાં બે અને હોઠ પર બે ટાંકા આવ્યા હતા. હાલમાં સારવાર પૂર્ણ કર્યા બાદ બ્રિજેશ પરમારે નવાપુરા પોલીસ સ્ટેશનમાં નયન પરમાર, ગૌરાંગ પરમાર, પાર્થ ચાવડા અને મહેંદ્ર ચાવડા સામે ફરિયાદ નોંધાવી છે.

### માતાજીના ભંડારાના ખાડા ખોદવા મુદ્દે બોલાચાલી બાદ પાછળથી ઘા માર્યો

# તુલસીવાડીમાં સામાન્ય બાબતમાં યુવાન પર કુહાડીથી હુમલો કરાયો

**ઇજાગ્રસ્ત** યુવાનને તાત્કાલિક એસ.એસ.જી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.22 વડોદરાના તુલસીવાડી વિસ્તારમાં ભંડારામાં જમવાનું બનાવવા માટે ખાડા ખોદાયા હતા. જેમાં એક શખ્સનો પગ પડી જતા તે ઉશ્કેરાયો હતો અને યુવકના માથામા કુહાડીનો ઘા મારીને જીવલેણ હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. વડોદરા શહેરના તુલસીવાડી અંબામાતા મંદિર પાસે આવેલા ગણેશ નગર વિસ્તારમાં રહેતા હિતેશભાઈ નાનજીભાઈ લુહાર (ઉ.વ.30), જે એસએસજી હોસ્પિટલમા મશીન ઓપરેટર તરીકે નોકરી કરે છે. તેમણે નોંધાવેલી ફરીયાદ મુજબ ગત 20 એપ્રિલના રોજ સાંજે અંદાજે સાડા આઠ વાગ્યાના આસપાસ તેઓ પોતાની બહેન હેતલબેન સાથે ઘરના બહાર બેઠા હતા. તે દરમિયાન વિસ્તારમાં રહેતો મહેન્દ્ર ઉર્ફે કાળુ નાજાભાઈ બથવાર ત્યાં ધસી આવ્યો હતો. માતાજીના ભંડારાને લગતી રસોઈ માટે ખોદવામાં આવેલા ખાડામાં તેનો પગ પડી જતા તે ઉશ્કેરાઈ ગયો હતો. ત્યારબાદ તેણે ખાડા કેમ પૂર્યા નથી, તે મુદ્દે ગાળો બોલવા લાગ્યો હતો. બાદમાં બોલાચાલી વધતા તે ઝપાઝપી કરી ત્યાંથી ચાલ્યો ગયો હતો. થોડીવાર બાદ આરોપી ફરી પરત આવી હિતેશભાઈ પર પાછળથી માથાના જમણા કાનની ઉપરના ભાગે કુહાડી વડે ઘા મારી જીવલેણ હુમલો કર્યો હતો. ઘટનાસ્થળે હેતલબેન દોડીને પહોંચતા આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ઈજાગ્રસ્ત થયેલા હિતેશભાઈને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.પોલીસે હુમલો કરનાર આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

### ફતેપુરાથી સંગમ તરફ જતો રોડ સાયરનોથી ગુંજી ઊઠ્યું

# ચંદ્રગુપ્ત કોમ્પ્લેક્સના વીજ મીટરોમાં શોર્ટ સર્કિટ




(પ્રતિનિધિ) વડોદરા,તા.22 વડોદરા શહેરમાં આગ લાગવાના બનાવવામાં નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે, શહેરના ફતેપુરાથી સંગમ તરફ જવાના માર્ગે આવેલા ચંદ્રગુપ્ત કોમ્પ્લેક્સમાં વીજ મીટરોમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને આગ પર કાબુ મેળવી લીધો હતો. વડોદરામાં કાળઝાળ ગરમીના માહોલ વચ્ચે આગજનીના બનાવો વધવા માંડ્યા છે. ખાસ કરીને ઓવર હીટિંગના કારણે શોર્ટ સર્કિટ બાદ આગ લાગી હોવાના બનાવો વધુ નોંધાયા છે. ત્યારે બુધવારે બપોરે વધુ એક આગ લાગવાની ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ફતેપુરા થી તરફ જવાના માર્ગે આવેલા ચંદ્રગુપ્ત કોમ્પ્લેક્સમાં વીજ મીટરમાં શોર્ટ સર્કિટ બાદ આગ લાગી હતી. વાયરો સળગતા ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા હતા. જેને લઈ કોમ્પ્લેક્ષમાં વિવિધ દુકાનો ધરાવતા દુકાનોના સંચાલકો તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આગ પર કાબુ મેળવી લીધો હતો. જોકે ધુમાડો વધુ પ્રસરી જતા ફાયર બ્રિગેડના જવાનો દ્વારા ફેન મૂકી વેન્ટિલેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી બે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

### ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને 3 ગુણ, અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને 2 ગુણ મળશે

# જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશિપની પરીક્ષામાં ત્રણ ગુણ સુધીનું ગ્રેસિંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.22 રાજ્યમાં 4 એપ્રિલના રોજ લેવામાં આવેલી મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષાની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને 3 ગુણ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને 2 ગુણ ગ્રેસ તરીકે આપવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત, ગુજરાતીમાં 3 પ્રશ્ન અને અંગ્રેજીમાં 2 પ્રશ્નમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાતા જે પણ સાચો વિકલ્પ લખ્યો હશે તેના ગુણ આપવામાં આવશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા 4 એપ્રિલના રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા દ્વારા રાજ્યના તેજસ્વી અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ધો.9થી 12 સુધીના અભ્યાસ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. દર વર્ષે 25000 જેટલા તેજસ્વી વિદ્યાર્થી ઓને મેરિટના આધારે પસંદ કરી તેમને સ્કોલરશીપ આપવામાં આવે છે. વર્ષ 2026-27 માટે યોજાયેલી આ પરીક્ષામાં કુલ 628407 વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી હતી. રાજ્યના જિલ્લા મથકો પર યોજવામાં આવેલી આ પરીક્ષા માટે રાજ્યમાં કુલ 2702 ક્લસ્ટર લેવલના સીસીટીવી સુવિધાસભર કેન્દ્રોના કુલ 24410 બ્લોકમાં ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં લેવામાં આવી હતી. દરમિયાન, સમગ્ર રાજ્યમાંથી આ પરીક્ષા માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી 511518 જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને 116889 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આમ, એકંદરે 81.40 ટકા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા લેવામાં આવ્યા બાદ સૌપ્રથમ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી અને તેની સામે વાંધા હોય તો રજૂઆત કરવા માટેની તક આપવામાં આવી હતી. આ તક આપ્યા બાદ જે રજૂઆતો મળી હતી તે નિષ્ણાતો પાસે ચેક કરાવી ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતી માધ્યમની આન્સર કીમાં 3 પ્રશ્નોમાં ભૂલ હોવાના લીધે ગ્રેસ આપવાનો નિર્ણય કરાયો છે. જ્યારે 3 પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું જણાયું છે. જ્યારે અંગ્રેજી માધ્યમમાં 2 પ્રશ્નોમાં ભૂલ હોવાનું જણાતા ગ્રેસ આપવાનું નક્કી કરાયું છે અને 2 પ્રશ્નોમાં એક કરતા વધુ વિકલ્પ સાચા છે. જેથી ગમે તે સાચો વિકલ્પ લખ્યો હશે ગુણ આપવામાં આવશે.

### સ્કૂલ ફી ભરવા મુદ્દે ઝઘડો થતા પતિ ઉશ્કેરાયો

# પતિનો પાઈપ અને બ્લેડથી પત્ની અને પુત્રી પર હુમલો

**મકરપુરામાં** પત્ની અને દિકરી પર અત્યાચાર, પતિ સહિત સાત શખસ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.22 વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં સ્કૂલ ફી ભરવા બાબતે દીકરી એ પિતાને કહેતા વિવાદ થયો હતો. ત્યારબાદ પતિએ દિકરીને માર માર્યો હતો, જ્યારે પત્નીએ બચાવ કરવા જતા પતિ અને તેના પરિવારજનોએ મળીને બન્ને પર પીવીસી ની પાઈપ તથા બ્લેડ વડે હુમલો કર્યો હતો. ઝપાઝપી દરમિયાન મહિલા દાગીના સાસુ અને જેઠાણી સહિતના લોકોએ કાઢી લીધા હતા. મકરપુરા વિસ્તારમાં રહેતા અલ્કાબેન રોહિતે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમની દિકરી પોતાના પિતાને સ્કૂલની ફી ભરવા અંગે કહેતાં પતિ ઉશ્કેરાઈ ગયો અને દિકરીને લાફા માર્યા હતા. દિકરીની બુમાબુમ સાંભળી માતા વચ્ચે પડતાં પતિએ પીવીસી પાઈપ વડે પત્ની અને દિકરીને માર માર્યો હતો. આ દરમિયાન પતિએ પોતાના ભાઈ-ભાભી તથા અન્ય સગાસંબંધીઓને બોલાવ્યા હતા. ત્યારબાદ તમામ આરોપીઓએ ભેગા મળી ગાળો આપી પત્ની તથા દિકરી પર ગડદાપાટુનો માર માર્યો હતો. એટલું જ નહીં મહિલાએ પહેરેલા દાગીના પણ સાસુ, જેઠાણી અને અન્ય લોકોએ કાઢી લીધા હતા.ત્યારબાદ પતિએ બ્લેડ જેવા તિક્ષ્ણ હથિયારથી હુમલો કરી પણ ઇજા પહોંચાડી હતી. જેથી ઈજાગ્રસ્ત માતા પુત્રીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા આ બનાવ અંગે મકરપુરા પોલીસ દ્વારા પતિ અને સાસરીયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ બ્લોકને કારણે ટ્રેનો પ્રભાવિત થશે

વડોદરા : મુસાફર સુવિધાઓને અપગ્રેડ કરવા માટે પશ્ચિમ રેલ્વે 24 એપ્રિલે ગેરાતપુર-અમદાવાદ સેક્શન પર ટ્રાફિક બ્લોક લેશે. આ કામગીરીને કારણે કેટલીક ટ્રેનોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ અમદાવાદથી જ શરૂ થશે અને ગાંધીનગર કેપિટલ સુધીની સેવા રદ રહેશે. મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ વટવા સુધી જ ચાલશે. મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ મોડી ઉપડશે. વટવા-વડોદરા અને વડોદરા-વટવા મેમુ સહિત કેટલીક ટ્રેનો રદ રહેશે. વડોદરા-જામનગર અને જામનગર-વડોદરા ઈન્ટરસિટી સેવાઓ પણ રદ રહેશે. વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન ટ્રેનનો કેટલાક ભાગમાં રદ રહેશે. અન્ય કેટલાંક એક્સપ્રેસ ટ્રેનોમાં 45 મિનિટથી 1 કલાક 45 મિનિટ સુધીનો વિલંબ રહેશે.

### "કરવેરા રોકડા, સુવિધા પોકળ : નેતાઓના ઠાલા વાયદાઓથી પ્રજા ત્રસ્ત

# કરોડિયા ગામના લોકોનો નિર્ધાર જે અમારા કામ કરશે તેમને જ મત




(પ્રતિનિધિ) વડોદરા તા.22 વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ થયાના સાત વર્ષ જેટલો લાંબો સમય વીતી જવા છતાં, શહેરના સીમાડે આવેલા કરોડિયા ગામ અને તેની આસપાસના રહેણાંક વિસ્તારો આજે પણ વિકાસથી વંચિત છે. સ્થાનિક રહીશો પાયાની પ્રાથમિક સુવિધાઓ જેવી કે રોડ-રસ્તા, પીવાનું શુદ્ધ પાણી અને ડ્રેનેજ લાઈન માટે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા હવે રહીશોમાં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક નાગરિકોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, તેઓ દર વર્ષે નિયમિતપણે મ્યુનિસિપલ ટેક્સ ભરે છે, પરંતુ બદલામાં તેમને પાયાની સુવિધાઓ પણ મળતી નથી. રહીશોનો આક્ષેપ છે કે જ્યારે પણ ચૂંટણીઓ આવે છે, ત્યારે નેતાઓ દ્વારા માત્ર મોટા-મોટા વચનો અને આશ્વાસનો આપવામાં આવે છે, પરંતુ ચૂંટણી પત્યા બાદ કોઈ ડોકાતું નથી અને પાયાની સ્થિતિ જસની તસ રહે છે. તંત્રની આ નિષ્ક્રિયતા અને વર્ષોથી ચાલી આવતી સમસ્યાઓથી કંટાળેલા નાગરિકો હવે કોઈ પણ સંજોગોમાં પોતાના વિસ્તારનો હકીકતમાં વિકાસ થાય તેવું ઈચ્છી રહ્યા છે. વિસ્તારમાં યોજાયેલી નાગરિકોની એક સભામાં લોકોએ એકસૂરે જણાવ્યું હતું કે, તેઓ હવે વચનો નહીં પણ નક્કર કામગીરી ઈચ્છે છે. રહીશોએ એકજૂટ થઈને નિર્ણય લીધો છે કે જે પણ વ્યક્તિ તેમના પ્રશ્નોને ગંભીરતાથી લેશે અને વિકાસની ખાતરી આપશે, તેમને જ તેઓ આગામી સમયમાં સમર્થન આપશે. કરોડિયા ગામ અને આજુબાજુની સોસાયટીઓના લોકોએ હવે સ્પષ્ટ ચીમકી આપી છે કે જો ટૂંક સમયમાં પાયાની સુવિધાઓ અંગે કોઈ નક્કર પગલાં ભરવામાં નહીં આવે, તો તેઓ ઉગ્ર આંદોલન છેડતા પણ અચકાશે નહીં. હાલમાં આ વિસ્તારમાં જનરોષ સાતમા આસમાને છે.

### રૂ.1.40 લાખથી વધુના કોપર કેબલની તસ્કરી

# કોયલી ગામની પેરામાઉન્ટ કંપનીમાંથી કેબલની ચોરી

**રાત્રી દરમિયાન** ખુલ્લા કમ્પાઉન્ડમાં રાખેલા કેબલના ડ્રમમાંથી વાયર કાપી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.22 વડોદરા તાલુકાના કોયલી ગામ ખાતે આવેલી પેરામાઉન્ટ કંપનીમાં રાખેલા કોપર કેબલ ડ્રમમાંથી અજાણ્યા ચોરોએ રાત્રી દરમિયાન વાયર કાપી ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. આ બનાવમાં આશરે રૂ.1.40 લાખથી વધુનો કોપર કેબલ ચોરી થયાનો અંદાજ છે. ઘટનાને લઈ કંપનીના કર્મચારી દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. કોયલી ગામમાં આવેલી રાધે લાઈફ સ્ટાઈલ સોસાયટીમાં રહેતા શંભુનાથ પ્રેમનાથ કર્માકર પેરામાઉન્ટ કંપનીમાં છેલ્લા ચાર વર્ષથી આર.સી.એમ તરીકે ફરજ બજાવે છે.

વર્ષ 2022 દરમિયાન કંપનીને આઈઓસીએલ તરફથી મળેલા કોન્ટ્રાક્ટ અંતર્ગત વિવિધ સ્થળોથી કોપર કેબલના ડ્રમ મંગાવવામાં આવ્યા હતા. કંપનીના ખુલ્લા કમ્પાઉન્ડમાં અંદાજે 100 જેટલા કોપર કેબલ ડ્રમ મુકવામાં આવ્યા હતા, જેમાંથી કેટલાકનો ઉપયોગ થઈ ગયો હતો જ્યારે બાકીના ડ્રમ ત્યાં જ રાખવામાં આવ્યા હતા. કંપની બંધ કર્યા બાદ બીજા દિવસે મ સવારે કામદારો આવ્યા ત્યારે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે અજાણ્યા ચોરોએ રાત્રે બે કેબલ ડ્રમમાંથી વચ્ચેથી વાયર કાપી રૂ.1.40 લાખના કેબલની ચોરી કરી હતી. આ બનાવ અંગે શંભુનાથ કર્માકરે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.